# મોડાસા પાલિકાનો પ્રિ-મોન્સુન પ્લાન ફલોપ

## સોસાયટીઓમાં વરસાદના પાણી ભરાતા સોસાયટીના રહીશો દ્વારા ડુગરવાડા રોડ પર ચકકાજામ કરાયો





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૨૬ અરવલ્લી જિલ્લા માં જયાર થી મેઘરાજા મહેરબાન થયા છે ત્યારથી જાણે મોડાસા શહેર માટે દિવસે ને દિવસે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે.નાગરપાલિકા ના ફ્લોપ પ્રિ મોન્સુન પ્લાનને લીધે નીચાણ વાડી સોસાયટ માં વરસાદ પડતાની સાથે જ પાણી ભરાઈ જાય છે અને આ પાણી ના નીકાલ ની કોઈ વ્યવસ્થા જ નહોઈ પાણી સીધુ લોકો ના ઘરમાં ભરાઈ જવાને કારણે હાલ તો મોડાસા ની લઘુમતી જનતાનો ભર ચોમાસે જાયે...તો...જાયે...કહા જેવો હાલ થઈ ગયો છે.

ત્યારે હમણાં થોડાક જ દિવસો અગાઉ મોડાસા ના કોલેજ રોડ ઉપર આવેલી સોસાયટીઓ ના રહીશો દ્વારા સોસાયટી માં પાણી ભરાવાના મુદ્દે રહીશો દ્વાર બે બે વાર ચકકાજામ કરી દેવાની સાહી તો હજુ સુકાઈ નથી ત્યારે આજે ફ્રરી થી મોડાસા ની ડુગરવાડા રોડ ઉપર આવેલી ઝમઝમ સોસાયટીઓ ના રહીશો દ્વારા સોસાયટી માં પાણી ભરાવાના મુદ્દે આજે રોડ ઉપર આવી ચકકાજામ કરી દીધો હતો આ ઘટના ની જાણ થતાં તરત જ તંત્ર હરકત માં આવી ગયુ હતુ અને પોલીસે આવને મામલો શાંત પાડવાની કોશીષ કરી હતી તો બીજી બાજુ નગરપાલીકા ના અધીકારીઓ આવતા લોકો એ ટપલી દાવ કરી તેમનો હુરીયો બોલાવ્યો હતો. પણ હાલ ની પરીસ્થીતી જોતા તો એવુ લાગી રહયુ છે જનતા દ્વારા વારંવાર રજુઆત કરવા છતાં પણ તંત્ર ના પેટ નુ પાણી હલતુ નથી અને જો જનતા દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તો તરતજ અધીકારી ઓ દોડતા થઈ જાય છે તો શુ આવનારા દીવસો માં જનતાને કોઈ પણ રજુઆત કરવા ફરજીયાત આંદોલન કરવુ પડશે???

## માલપુરમાં વિકલાંગ પરિસંવાદનું આયોજન

મોડાસા, તા.૨૬

સમાજના છેવાડાના ગણાતા તથા પછાત વિસ્તારના વિકલાંગોને પોતાના હક પ્રત્યે જાગૃત કરવાના આશયથી માલપુર ખાતે એક વિકલાંગતા પરિસંવાદનુ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રાષ્ટ્રિય વિકલાંગ એવોર્ડ વિજેતા જયંતિભાઈ પટેલે પ્રતિભાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પરિસંવાદમાં ડીસ્ટ્રીકટ આઈ.ડી.ના અમિત કવિ પ્રવાસી શિક્ષક કમલેશ શ્રીમાળી, હોમગાર્ડ ઓફીસર યોગેશભાઈ પંડયા, જુથ શાળાના આચાર્ય યશવંતભાઈ પટેલ વિગેરેએ આ ચર્ચા સભામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે હાજર તમામ વિકલાંગોને અભિલાષા



(તસવીર : જય અમીન, મોડાસા)

ઉપસ્થિત વિકલાંગોને વિકલાંગ ધારા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પરિસંવાદ 'અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ' માલપુર વતી જીજ્ઞેશભાઈ ભટ્ટ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિકલાંગોને મળતી સવલતો, માહિતી અધિકાર, વિકલાંગતાનો પ્રકાર, અનામતનો અમલ અને વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રોત્સાહક ભેટ પણ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તલાટી મિત્રો સી.આર.સી. શિક્ષકે તથા મોટી સંખ્યામાં વિકલાંગોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જીજ્ઞેશભાઈની આવી સેવા કરવાની પ્રવૃત્તિની બધાએ ખૂબ સરાહના કરી હતી.

## ધનસુરાના મંદિરોમાં વિવિધ કલાત્મક હિંડોળાના દર્શન થશે

ધનસુરા, તા.૨૬

સમગ્ર સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં આજથી પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાં ઉપવાસ, શ્રધ્ધા ભકિતની છોળો ઉડશે. સમગ્ર જિલ્લાના દેવ મંદિરોમાં પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ કલાત્મક હિંડોળાના દર્શન માટે ભકતોની ભારે ભીડ જામશે. ધનસુરાના ગોકુલનાથજી મંદિરમાં આજથી વિવિધ કલાત્મક સુકો મેવો, ફૂલો, સાજ, સાવનભાદો, મકાઈ, શાકભાજી, ફળફળાદી જેવા હિંડોળાના દર્શન માટે રોજ રાત્રે ૮.૩૦ કલાકે મંદિરમાં વૈષ્ણવોની ભીડ જામશે. આ પવિત્ર માસમાં કેટલાક ભકતો આખો માસ ઉપવાસ કરે છે અને ધાર્મિક વાંચન કરે છે.



ખેડબ્રહ્મા શહેરમાં મોટરકારોના કાચ પર બ્લેક ફિલ્મ નહીં લગાડવાના એસ.ઓ.જી.ના જાહેરનામાનો છડે ચોક ભંગ થઈ રહ્યો છે. શહેરમાં ફરતી મોટા ભાગની કારની કાચની બારીઓ પર આ બ્લેક ફિલ્મ પટ્ટી લગાડેલી જોવા મળી રહી છે ત્યારે ટ્રાફિક પોલીસ આ ફિલ્મ ઉતરાવવા કયા શુભ મુહુર્તની રાહ જોઈ રહી છે? શું પોલીસ કોઈ અનિચ્છનીય બનાવ બને પછી જ સક્રીય થશે ? (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



### વડાગામમાં દશામાના મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા કરાઈ

અષાઢ માસની અમાસ એટલે કે દિવાસાના દિવસથી શ્રદ્ધા અને ભક્તિના પર્વ સમું દશામાનું વ્રત પ્રારંભ થાય છે ત્યારે આ દિવસે વડાગામ ખાતે દશામાનાં મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો છે. આ પ્રતિષ્ઠા મહોત્સવ વેદાચાર્ય બ્રિજેશકુમાર ડાહ્યાભાઈ શાસ્ત્રી (ત્રિવેદી) તેમજ કલ્પેશભાઈ કનુભાઈ જોષીએ વિધિવિધાનપૂર્વક સંપન્ન કરાવ્યો હતો. આ મહોત્સવના યજમાન કૌશિકભાઈ મકવાણા હતા અને આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. (તસવીર : નરસિંહભાઈ પટેલ, વડાગામ)

## હિંમતનગરમાં કારમાંથી ચોરાયેલી રિવોલ્વર મુસાફર જીપચાલકને મળી આવી

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં શુક્રવારે મોડી સાંજે કારના કાચ તોડી રિવોલ્વરની ચોરી થઈ હતી. જે રિવોલ્વર શનિવારે સવારે મુસાફર જીપ ચાલકને મળી આવતા હિંમતનગર એ-ડીવીઝન પોલીસને સોંપી પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે શુક્રવારે સાંજે ફરિયાદ નોંધાઈ હતી.

વડાલીમાં જલારામ મંદિર માર્ગ પર આવેલ પરમેશ્વર સોસાયટીમાં રહેતા અમૃતભાઈ સેધાભાઈ દેસાઈ શુક્રવારે સાંજે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં તુલસી કોમ્પલેક્ષ પોતાની ઈનોવાકાર પર કરી કામ અર્થે ગયા હતા. દરમિયાન કોઈ ઈસમે તેમની કારનો ચાલક બાજુનો છેલ્લા દરવાજાનો કાચ તોડી અંદરથી એક બેગ લઈ ગયેલ જેમાં તેમની લાયસન્સ અને પાંચ જીવતા કારતુસ, રિવોલ્વર તથા દસ્તાવેજો અને કપડા હતા. જે અંગે અમૃતભાઈ પાછા આવતા માલુમ પડતા તેમણે હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ૨૫૦ રૂ.ના કારતુસ અને ૧૦૦૦ રોકડ મળી કુલ રૂ. ૧ લાખ ૨૬ હજાર ૨૫૦ મુદ્દામાલ ચોરી થઈ ગયા અંગેની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન અમદાવાદના કૃષ્ણનગર ખાતે રહેતા અમદાવાદથી હિંમતનગર મુસાફર જીપ ફેરવતા ચાલક અશોકકુમાર રામસ્વરૂપ જયસ્વાલ શનિવારે સવારે જીપની સાફ સફાઈ કરતા હતા ત્યારે તેમણે એક કાળી બેગ મળી હતી. જેમાં રિવોલ્વર હતી અને સંપર્ક નંબર હોવાથી અશોકકુમારે સંપર્ક કર્યા બાદ શનિવિારે પોતે જાતે આ શનિવારે સવારે ૧૦.૩૦ વાગે હિંમતનગર એ ડીવીઝન પોલીસમથકે પીઆઈ એ.બી. વાટલીયાને સોંપી હતી. જેથી પોલીસને ગુનાનો આરોપી મળ્યો ન હતો. પરંતુ ચોરાયેલી બેગ મુદ્દામાલ સહીત મળી આવી હતી. એ પણ જીપના ચાલકની પ્રમાણિકતા જોઈ પોલીસ ખાતાએ અને કાર માલિક અમૃતભાઈ દેસાઈએ ચાલકની સતર્કતા, ચોકસાઈ અને પ્રમાણિકતાને બિરદાવીને પ્રોત્સાહિત કર્યો હતો. ત્યાર બાદ પોલીસે બેગ કબજે લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

### રાજીવ ભવનમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

ધાનેરાના સીલાસણા ગામમાં અંદાજે ૧૪ લાખ રૂપિયાના ખર્ચે રાજીવ ગાંધી ભવનનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ કામમાં જોબકાર્ડ ચાલી રહ્યું છે ત્યારે આ કામમાં જોબકાર્ડ આપેલ મજુરોને બદલે મશીનરીથી કામ પૂરજોશમાં કરાવવામાં આવી રહ્યું છે. ભવનના નિર્માણમાં જે માલ સામાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે પણ હલકી કવોલીટીનો છે તેથી આ કાર્યમાં ભ્રષ્ટાચારની બૂ આવી રહી છે તેવું સ્થાનિક નાગરિકો જણાવી રહ્યા છે. જો તપાસ કરવામાં આવે તો મોટી ખાયકી બહાર આવે તેવી પણ ચર્ચા ચાલી રહી છે.

## તલોદમાં ઘરે ઘરેથી કચરો એકત્ર કરવાનું ચાલુ કરાતા ગૃહિણીઓમાં આનંદ

### નગરપાલિકા તંત્ર દ્વારા વહેલી સવારે દરેક વોર્ડમાંથી ટ્રેક્ટર ટ્રોલી દ્વારા કચરો એકત્ર કરવાની કામગીરી આરંભાઈ

તલોદ, તા. ૨૬

તલોદ નગરપાલિકા દ્વારા ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાનું શરૂ કરાતા ગૃહિણીઓમાં આનંદ છવાઈ ગયો છે. નગરપાલિકાના આ નવતર પ્રયોગને નગરજનોએ આવકાર્યો છે અને નગરજનોની સુવિધા અને સગવડ માટે પાલિકાતંત્ર કટીબદ્ધ છે તેની પ્રતિતિ થઈ રહી છે.

અત્યાર સુધી રાજ્ય સરકાર હસ્તક રહેલી તલોદ નગરપાલિકાના નવા નિયુક્ત પ્રમુખના નેતૃત્વમાં નગરજનોની પ્રાથમિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તે આવકારદાયક બાબત છે. નવનિયુક્ત પ્રમુખ પ્રવિણભાઈ પટેલે ઘરેઘરેથી કચરો એકઠો કરવાની શરૂઆત કરાવી છે અને પાલિકાના દરેક વોર્ડમાં ટ્રેક્ટર-ટ્રોલી દ્વારા આ કાર્ય કરાઈ રહ્યું છે. જેના કારણે ખાસ કરીને ગૃહિણીઓમાં આનંદની લાગણી વર્તાઈ રહી છે. આ ટ્રેક્ટર-ટ્રોલી દરરોજવહેલી સવારે નિયમિતપણે ઘંટડી વગાડતી આવી પહોંચે છે. આ પ્રયાસ દ્વારા નગરમાં સ્વચ્છતા જળવાશે અને રોગચાળામાં પણ ઘટાડો થશે તેવી આશા રખાઈ રહી છે. પાલિકાતંત્ર દ્વારા નગરને સુંદર અને સ્વચ્છ બનાવવા એક પછી એક પગલાં લેવાઈ રહ્યા છે.

### ધનસુરામાં વીજળીના ધાંધિયા

ધનસુરા વિદ્યુત બોર્ડની બેદરકારીના કારણે ચોમાસામાં વીજળીના ધાંધિયા શરૂ થઈ ગયા છે. એન્જિનિયર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં અત્યારે ધાંધિયા ચાલુ છે. ઉદ્યોગોને પણ નુકશાન થઈ રહ્યું છે. એન્જિનિયર રાત્રે હેડ કવાટર્સમાં રહેતા નથી તેમજ કોઈ ફોન ઉપાડતું નથી. સ્ટાફ કવાટર્સ હોવા છતાં મોટા ભાગનો સ્ટાફ વતનમાંથી અપડાઉન કરતો હોવાની ચર્ચાઓ થઈ રહી છે. ઉચ્ચ અધિકારી સરપ્રાઈઝ ચેકીંગ કરે તો સત્ય હકિકત બહાર આવવાની વકી છે. ચોમાસા પહેલા લાઈન મેન્ટેઈન કરી દેવાની હોય છે ત્યારે લાઈનો વ્યવસ્થિત ન હોવાના કારણે વારંવાર ફોલ્ટ યોગ્ય નથી.

### હિંમતનગરના ગ્રોમોર કેમ્પસમાં હોસ્ટેલની ૧૦૫ વિદ્યાર્થીનિઓએ સ્વરક્ષણની તાલીમ લીધી

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લા સુરક્ષા સેતુ અન્વયે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસમથકે મહિલાની સુરક્ષા જાતે કરી શકે તે હેતુથી જુલાઈ માસથી તમામ સ્થળે તાલીમ શિબિર ચાલી રહ્યો છે. ત્યારે શુક્રવારે હિંમતનગરમાં આવેલ જિલ્લા મહિલા પોલીસમથક દ્વારા હિંમતનગરની આગીયોલ પાસે આવેલ ગ્રોમોર કેમ્પસમાં રહીને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી ૧૦૫ વિદ્યાર્થિનીઓ માટે ૧૫ જુલાઈથી ૨૪ જુલાઈ દરમિયાન ૯ દિવસીય મહિલા સ્વરક્ષણનો તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સમાપન શુક્રવારે સાંજે થયું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને જ્યારે એકલી હોય ત્યારે પોતાનું રક્ષણ કેવી રીતે કરવું તે અંગેની તાલીમ જુજારસિંહ ચાવડાએ આપી હતી. તમામ ૧૦૫ વિદ્યાર્થિનીઓને મહિલા પોલીસ મથકના પીઆઈ કે.આર. ડાભી અને કેમ્પસની ઈંગ્લિશ સ્કૂલના આચાર્યા લલીત ચોબેના હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

## જાયન્ટસ ગૃપ ઓફ મોડાસા દ્વારા ઈફતાર પાર્ટી યોજાઈ



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં જાયન્ટસ ગૃપ ઓફ મોડાસા દ્વારા રમઝાનના પવિત્ર માસના ૨૭મા પાક દિને અષાઢી ઝરમર છાંટણા વચ્ચે અરવલ્લી જિલ્લા ડીએસપી મૂરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને મોડાસાના હિન્દુ અને મુસ્લીમ અગ્રણી નગરશ્રેષ્ઠીઓ વચ્ચે ઈફતાર પાર્ટી યોજવામાં આવી હતી. જેમાં જાયન્ટસ ગૃપ ઓફ મોડાસાના પ્રમુખ રાકેશભાઈ પટેલ શાબ્દીક આવકાર આપ્યો હતો. ત્યાર બાદ નગર શ્રેષ્ઠીઓનુ ફુલ છડીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોડાસા નગરપાલિકાના સૌ સદસ્ય મિત્રો, નાગરીક બેન્કના ચેરમેન જગદીશભાઈ ગાંધી, સર્વોદય બેન્કના ચેરમેન ઈકબાલભાઈ ઈપ્રોલીયા, ગુજરાત બાર કાઉન્સીલના પ્રમુખ હીરાભાઈ પટેલ, મોડાસા જેસીઝ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખ, મ.લા. ગાંધી ઉ.કે. મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અને માનદમંત્રી સુભાષભાઈ શાહ તથા સુરેન્દ્રભાઈ શાહ, મખદૂમ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ આફતાબભાઈ દુરાની, ઘાંચી સમાજના અગ્રણી ઝુલ્ફીકારઅલી મનવા, જાયન્ટસ ઈન્ટરનેશન ફેડરેશનના ઉપપ્રમુખ નિલેશભાઈ જોષી, તેમજ નગરની અન્ય સંસ્થાઓના વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ જાયન્ટસ ગૃપના પૂર્વ પ્રમુખ હીરાભાઈ પટેલના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીએસપી મયૂરસિંહજી ચાવડાએ સૌને અભિનંદન આપી આવોજ મિત્રતતાનો માહોલ કાયમ માટે રહે અને મોડાસા સંવેદનશિલ વિસ્તારમાંથી બહાર નીકળી ભાઈચારાની ભાવના સાથે આગળ વધે તેવી મહેચ્છા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાયન્ટસ સેક્રેટરી મુકુન્દ શાહે કર્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧